# વ્યંઢળોના જીવનમાં ઓળખપત્ર અને કાયદાની ભૂમિકા: તફાવત અને પરિવર્તન


માધવી વિનોદભાઈ સોલંકી

પીએચડી સંશોધનાર્થી

સ્કૂલ ઓફ હ્યુમિનિટીસ એન્ડ સોશિયલ સાયન્સીસ ડીપાર્ટમેન્ટ (અર્થશાસ્ત્ર)

ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**Email:** mayucsolanki@gmail.com

**Mobile No : 9724440140**

## સારાંશ

ભારતમાં વર્તમાન કાળમાં વ્યંઢળ સમુદાયને કાનૂની ઓળખ અને સમાજમાં માન્યતા મેળવવા માટે અનેક પડકારોનો સામનો કરવો પડે છે, જ્યારે તેમનો ઉલ્લેખ પૌરાણિક કાળમાં પણ જોવા મળે છે. "The Transgender Persons (Protection of Rights) Act, 2019" અમલમાં આવ્યો ત્યારથી વ્યંઢળ વ્યક્તિઓને સરકાર દ્વારા ઓળખ અને ઓળખપત્ર મેળવવાની પ્રક્રિયા સુલભ કરવામાં આવી છે. આ સંદર્ભમાં, સુરત શહેરના વ્યંઢળો વિકાર્ય અંશ બન્યા છે અને ઓળખપત્ર ધરાવતા તથા ન ધરાવતા વ્યંઢળોના જીવનસ્તર, સુવિધા-પ્રાપ્તિ અને સામાજિક, આર્થિક પડકારોના તુલનાત્મક વિશ્લેષણનું પ્રસ્તુત અભ્યાસ કરી રહ્યાં છે.

આ અભ્યાસમાં જોવા મળે છે કે ઓળખપત્ર ધરાવતી વ્યંઢળ વ્યક્તિઓ માટે આરોગ્ય સેવાઓ, શિક્ષણમાં આરક્ષણ, કૌશલ્ય યોજના, શિષ્યવૃત્તિ અને રોજગાર જેવી મહત્વપૂર્ણ સરકારી સુવિધાઓ પ્રાપ્ત થતી હોય છે, છતાં ઓળખપત્ર વગરના વ્યંઢળોને ક્યાંક સામાજિક સ્વીકૃતિ, કાનૂની માન્યતા અને વિવિધ સહાયોથી વંચિત રહેવું પડે છે. આરંભિક વિશ્લેષણ દર્શાવે છે કે સરકારી યોજનાઓનો લાભ 30% વ્યંઢળોએ લીધો હતો, જ્યારે 70% વ્યંઢળો હજુ પણ પાછળ છે.

અહીંથી જોવા મળે છે કે ઓળખપત્ર મેળવવા માટેની પ્રક્રિયાને વધુ સરળ અને જાગૃતિપૂર્ણ બનાવવા સાથે માહિતી કેન્દ્રો ઉભા કરવું અને વહીવટી વ્યવસ્થાને મજબૂત કરવી ઉચ્ચ પ્રાથમિકતા છે. અભ્યાસ સુચવે છે કે ઓળખપત્ર અને કાયદા વ્યંઢળ સમુદાયના જીવનમાં સુધારો લાવવામાં અને તેમને સમાજમાં સાચી સ્વીકાર્યતા અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## 1. પ્રસ્તાવનાઃ

ભારતમાં વ્યંઢળો એટલે કે હીજડાઓનો ઉલ્લેખ પૌરાણિક કાળથી જોવા મળતો હોવા છતાં આજની તારીખમાં પણ તેમનું જીવન સંઘર્ષોથી ભરેલુ જોવા મળે છે. ભારતનાં ભવ્ય ઐતિહાસિક વારસા તરીકે જોવાતા મહાભારત અને રામાયણ સહિતનાં ગ્રંથોમાં હીજડા કે પછી વ્યંઢળોનો ઉલ્લેખ

હોવા છતાં  તેમણે અસ્તિત્વ સાબિત કરવા માટે ભારત જેવા લોકતાંત્રિક દેશમાં લાંબી કાનુની લડત લડવી પડી છે. આ લડતની સફળતા રૂપે ભારત સરકારે **The Transgender Persons, (Protection of Rights) Act, 2019 નો** ખાસ કાયદો અમલમાં મુક્યો છે. આ કાયદા હેઠળ સામાજિક ન્યાય અને અધિકારતા મંત્રાલય દ્વારા વ્યંઢળોને તેમના અધિકારોની કાનુની માન્યતા, સામાજિક અને આર્થિક સુવિધાઓ આપવા માટે ટ્રાન્સજેન્ડર **(ઉભયલીંગી) વ્યકિતઓના અધિકારોના રક્ષણના અધિનિયમ-2019ની કલમ 6/7 મુજબ ઓળખનું પ્રમાણપત્ર આપવાનો નિયમ અમલી બન્યો છે. જે પ્રક્રિયાના ભાગરૂપે ગુજરાત રાજયનાં સુરત શહેરમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા ટ્રાન્સજેન્ડરો-વ્યંઢળો પાસેથી ઓળખનું પ્રમાણપત્ર મેળવવા માટે આવેદન પત્રો સ્વીકારમાં આવે છે. જે આવેદન પત્રોની યોગ્ય તપાસ કરી  જિલ્લા  મેજિસ્ટ્રેટ દ્વારા ટ્રાન્સજેન્ડર-વ્યંઢળ વ્યકિત દ્વારા કરવામાં આવેલી અરજી મુજબ તેમને વ્યંઢળ, કે પછી સમલૈંગિક કે પછી અન્ય તરીકેની ઓળખનું પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ આપવામાં આવે છે. આ બાબતે સુરત શહેર અને જિલ્લામાં સમાજ સુરક્ષા વિભાગને મળેલી વિવિધ અરજીઓ પૈકી અત્યાર સુધીમાં 145 જેટલા ટ્રાન્સજેન્ડર-વ્યંઢળ વ્યકિતઓને ઓળખપત્ર આપવામાં આવ્યા છે. જે  પૈકી પ્રસ્તુત સંશોધન લેખમાં ઓળખપત્ર મેળવનારા અને  સુરત ખાતે નિવાસ કરતા પસંદગીનાં વ્યંઢળ ઉત્તરદાતાની રૂબરૂ મુલાકાત લઇ ઓળખપત્ર થકી તેઓને થયેલ સુવિધાની જાણકારી મેળવવામાં આવી છે.**

## 2. વ્યંઢળો ને મળતા ઓળખકાર્ડ અને પ્રમાણપત્રનું મહત્વ અને પ્રક્રિયા.

### 2.1 વ્યંઢળોને મળતા ઓળખકાર્ડ અને પ્રમાણપત્રનું મહત્વઃ

**ટ્રાન્સજેન્ડર -વ્યંઢળ** વ્યકિતઓની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે કેન્દ્ર સરકારનાં Transgender Persons, Protection of Rights Act, 2019 એક્ટ અમલમાં આવતા તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની ગંભીર સમસ્યાના ઉકેલનો માર્ગ સરળ બન્યો છે. એક્ટની કલમ-6 હેઠળ **ટ્રાન્સજેન્ડર**

વ્યકિતને ફોર્મ-5 મુજબ ફોટો ઓળખકાર્ડ આપવામાં આવે છે. અને કલમ-7 હેઠળ લિંગ બદલવાના આધાર પુરાવાને અનુસરીને ઓળખનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પ્રક્રિયા સ્થાનિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવે છે. Transgender Persons, Protection of Rights Act, 2019 અંતર્ગત આપવામાં આવતા ઓળખપત્ર અને પ્રમાણપત્ર થકી **ટ્રાન્સજેન્ડર-વ્યંઢળ** વ્યકિત પોતાની સ્વંત્રત ઓળખ ઊભી કરી શકે છે. આ ઓળખપત્ર અને પ્રમાણપત્રનો એક સરકારી દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી શકાય છે.

**2.2 ઓળખ કાર્ડ** અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરવાની પ્રક્રિયા:

- જે વ્યક્તિ પોતાને પુરુષ કે મહિલા તરીકે ઓળખાવતી નથી, અથવા જે વ્યકિતએ લિંગ પરિવર્તન કરાવ્યું હોય  અને ટ્રાન્સજેન્ડર-વ્યંઢળ તરીકે ઓળખ પ્રસ્થાપિત કરવા ઇચ્છા ધરાવતી હોય તેવી કોઇપણ વ્યકિતએ સમાજ સુરક્ષા વિભાગની કચેરીમાં અરજદાર તરીકે નિર્ધારિત ફોર્મમા અરજી કરવાની રહે છે.
- ઓળખ કાર્ડ અને પ્રમાણપત્ર મેળવવા માટે અરજદાર ટ્રાન્સજેન્ડર- **વ્યંઢળ** વ્યકિતએ પોતાનું સંપૂર્ણ નામ, ટ્રાન્સજેન્ડર - **વ્યંઢળ** તરીકેની ચોક્કસ ઓળખ આપવાની રહે છે, જેમાં વ્યંઢળ, સમલૈંગિક, લિંગ પરિવર્તન કરાવ્યું હોય તો તેના તબીબી પુરાવા, ઉપરાંત જન્મતારીખ, માતા અથવા પિતાનું નામ, રહેણાંકનું સરનામુ, આધારકાર્ડ, સહિતના પુરાવા અરજી સાથે રજુ કરવાનાં રહે છે.
- આ ઓળખનું પ્રમાણપત્ર એફિડેવિટ સાથે યોગ્ય રીતે ભરેલી અરજી મળ્યા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તેનું મૂલ્યાંકન કરીને ત્રીસ દિવસના સમયગાળામાં ટ્રાન્સજેન્ડર-વ્યંઢળને ઓળખ કાર્ડ અને પ્રમાણપત્રો જારી કરવામાં આવે છે.

## 3. ઓળખ પ્રમાણપત્રનો ઉપયોગ, પ્રાપ્ત થતા લાભ અને કાનુની માન્યતાઃ

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરવામાં આવતા ઓળખપત્ર અને પ્રમાણપત્ર કાર્ડ વ્યક્તિને કાનૂની રીતે ટ્રાન્સજેન્ડર- વ્યંઢળ તરીકે ઓળખ આપે છે. જેના થકી તેઓ વિવિધ સરકારી યોજનાઓનો લાભ, વિવિધ યોજનાઓ, રિઝર્વેશન, આરોગ્ય સેવા અને શિક્ષણ સેવાઓનો લાભ પ્રાપ્ત કરી શકે છે. ઉપરાંત તેઓ વિવિધ પ્રમાણપત્રો, પાન કાર્ડ, પાસપોર્ટ, આધાર કાર્ડ, રેશન કાર્ડ, બેંક એકાઉન્ટ, કિસાન એકાઉન્ટ, લગ્નનું પ્રમાણપત્ર, મિલકતની નોંધણી, વાહનની નોંધણી, વીમા પોલીસી સહિતનાં દસ્તાવેજોની નોંધણી કરાવી શકે છે.

## 4. સંશોધનના હેતુઓ

1. ઓળખપત્ર ધરાવતા અને ઓળખપત્ર ન ધરાવતા વ્યંઢળોના જીવનશૈલી, સુવિધાઓ અને પડકારો વચ્ચેના તફાવતોને સમજવાનો પ્રયત્ન કરવો.
2. **કાયદા અમલ અને ઓળખપત્રના આધારે વ્યંઢળાઓના જીવનમાં આવેલા સામાજિક અને આર્થિક પરિવર્તનનું અભ્યાસ કરવો.**

## 5. સંશોધન પદ્ધતિ

આ સંશોધનમાં સંશોધક દ્વારા અનુરૂપ નમૂનાકરણ પદ્ધતિ (Convenience Sampling Method) અપનાવવામાં આવી છે. સંશોધન માટે સુરત શહેર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વસવાટ કરતા 100 વ્યંઢળોની પસંદગી કરવામાં આવી હતી. તેઓ પાસેથી પ્રશ્નાવલિ દ્વારા પ્રાથમિક માહિતી એકત્રિત કરવામાં આવી હતી. માહિતી એકત્ર માટે પ્રત્યક્ષ તથા પરોક્ષ બંને રીતોનો ઉપયોગ થયો હતો. સાથે સાથે ઐતિહાસિક, વિશ્લેષણાત્મક અને વર્ણનાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરી દ્વિતીયક માહિતી પણ સંકલિત કરવામાં આવી હતી.

## 6. તારણો

**6.1 ઓળખપત્ર ધરાવતા અને ઓળખપત્ર ન ધરાવતા વ્યંઢળોના જીવનશૈલી, સુવિધાઓ અને પડકારો વચ્ચેના તફાવતોને સમજવાનો પ્રયત્ન કરવો.**

- **વ્યંઢળોને ઓળખપત્ર મળ્યા હોય, અને ન મળ્યા હોય તેવા વ્યંઢળો વચ્ચેની ભિન્નતા**

| ઓળખકાર્ડ ધરાવતા વ્યંઢળ | ઓળખકાર્ડથી વંચિત વ્યંઢળ |
|---|---|
| • કાનુની માન્યતા પ્રાપ્ત થાય છે | • કાનુની રીતે માન્યતા મળતી નથી |
| • સરકારી દસ્તાવેજો બનાવી શકે છે | • સરકારી દસ્તાવેજ બનાવી શકતા નથી |
| • કેન્દ્ર અને રાજય સરકારની યોજનાનો લાભ મેળવી શકે છે | • કેન્દ્ર અને રાજય સરકારની યોજનાનો લાભ મેળવી શકતા નથી |
| • સરકારી સહાયમાં આરક્ષણ મેળવી શકે છે | • સરકારી સહાય, આરક્ષણ, મેળવી શકતા નથી. |
| • ઓળખપત્ર મળવાથી સમાજમાં સ્વીકૃતિ અનુભવે છે. | • સામાજિક સ્વીકૃતિ માટે વાંરવાર સંઘર્ષ કરવો પડે છે. |
| • શિક્ષણમાં આરક્ષણ અને શિષ્યવૃતિનો લાભ લઇ શકે છે. | • ઓળખકાર્ડ વગર ટ્રાન્સજેન્ડર તરીકેના આરક્ષણ અને શિષ્યવૃત્તિનો લાભ મેળવી શકતા નથી. |

| | |
|---|---|
| • કૌશલ્ય વિકાસની મફત તાલીમ, રોજગારી કાર્યક્રમમાં લાભ લઇ નોકરી, વ્યવસાયની તક મેળવી શકે છે. | • ઓળખપત્ર ન હોવાથી સરકારી કૌશલ્ય વિકાસની મફત તાલીમ, અને સરકારી સહાય સાથેના વ્યવસાયનો લાભ મેળવી શકતા નથી. |

કાયદાકીય રીતે ઓળખપત્ર અને પ્રમાણપત્ર મેળવનાર અને જે વ્યંઢળો અપુરતા પુરાવા કે પછી જાણકારીનાં અભાવે પ્રમાણપત્ર મેળવી શકયા ન હોય તે બંને વચ્ચે ભિન્નતા જોવા મળે છે. પ્રમાણપત્ર મેળવ્યું હોય તેવા વ્યંઢળો સમાજમાં સ્વીકૃતિ, સરકારી સહાય, કૌશલ્ય વિકાસ અને તમામ સરકારી પુરાવામાં પ્રમાણપત્રનો ઉપયોગ કરી શકે છે. જયારે પ્રમાણપત્રથી વંચિત વ્યંઢળો એ હાલની સ્થિતિએ પણ સંઘર્ષ કરવો પડતો હોય છે.

**6.2 કાયદા અમલ અને ઓળખપત્રના આધારે વ્યંઢળાઓના જીવનમાં આવેલા સામાજિક અને આર્થિક પરિવર્તનનું અભ્યાસ કરવો.**

➢ **કાયદાના અમલ બાદ અને ઓળખપત્ર થકી વ્યંઢળોનાં જીવનમાં આવેલું પરિવર્તન:**

- કેન્દ્ર સરકાર દ્વારા 2019 માં અમલમાં મૂકવામાં આવેલા થર્ડજેન્ડર એક્ટથી વ્યંઢળોને નવી ઓળખ મળી છે.
- વ્યંઢળોના અભિપ્રાય મૂજબ અત્યાર સુધી સરકારી ઓળખપત્રમાં ત્રીજી જાતી તરીકેનો કોઈ ઉલ્લેખ ન હોવાથી તેમણે સ્ત્રી અથવા પુરુષ પૈકી કોઈ એક ગણી લેવામાં આવતા હતા. વધુમાં, વ્યંઢળ બન્યા બાદ તેમના નામમાં થયેલા ફેરફારની સરકારી નિયમો મુજબની કાર્યવાહી શક્ય બનતી ન હતી. પરંતુ, થર્ડ જેન્ડર એકટ અમલમાં આવ્યા બાદ વ્યંઢળોને યોગ્ય ન્યાય મળ્યો હોવાનું અભ્યાસમાં જાણી શકાય છે.

- કાયદાના અમલ બાદ યોગ્ય ન્યાય મળ્યો હોય એવા 60% અને સરકારમાં નોંધણી થઈ હોય એવા 40% વ્યંઢળ ઉત્તરદાતાઓ અભ્યાસમાં જોવા મળ્યા છે.
- સરકારી યોજનાનો લાભ મેળવવા માટે ઉત્તરદાતામાંથી 50% વ્યંઢળોએ જાતે માહિતી પ્રાપ્ત કરી છે, તો 40% વ્યંઢળોએ માહિતી સ્રોત તરીકે  હોસ્પિટલોને ગણાવી છે. આ ઉપરાંત, વિવિધ એન.જી.ઓ. દ્વારા પણ 10% વ્યંઢળોને આ બાબતની માહિતી મળી છે.
- અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે, 50% વ્યંઢળો પાસે ત્રીજી જાતિ માટેનો કોઈને કોઈ સરકારી આધાર પુરાવો છે, પરંતુ, 50% વ્યંઢળો પાસે હજુ સુધી કોઈ સરકારી આધાર પુરાવો ઉપલબ્ધ નથી.
- સરકારી લાભો અને યોજનાઓના લાભ મળવાથી વ્યંઢળોને નોકરી, રોજગારની તાલીમ, અને લોન જેવી આર્થિક તકો મળવાની શરૂઆત થઇ છે, જેમાં 30% વ્યંઢળોને સરકારી યોજનાઓનો લાભ મળ્યો છે. પરંતુ, 70% વ્યંઢળોને  હજુ સુધી કોઈ સરકારી યોજનાઓનો લાભ મળ્યો નથી.

## 7. કાયદા સંબંધિત મુશ્કેલીઓ, ઓળખપત્ર-પ્રમાણપત્ર કઢાવવામાં પડતી સમસ્યાઓ અને નિવારણ માટેના સૂચનો :

વ્યંઢળોને ઓળખપત્ર અને બાયોડેટા સંબંધિત નીચે મુજબની કેટલીક ખામીઓ અને તેને લગતા પડકારો હજી પણ મોજૂદ છે. જેમાં ખાસ કરીને,

- ઓળખપત્ર અને બાયોડેટામાં વ્યંઢળોની જાતિની ઓળખ માટેના આધારોમાં ફેરફાર, રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં તકલીફો, અથવા લક્ષણોને યોગ્ય રીતે વ્યાખ્યાયિત ન કરવાથી જાતિ ઓળખ સંબંધિત માહિતી ક્યારેક પુરતી અથવા સચોટ હોતી નથી. જેથી રાજય અને કેન્દ્રીય સ્તરે નીતિઓમાં પરિવર્તન સાથે તજજ્ઞો દ્વારા માર્ગદર્શિત વ્યાખ્યાઓનો સમાવેશ કરવો જોઈએ.

- રજિસ્ટ્રેશન અને ઓળખપત્ર મેળવાની પ્રક્રિયા સરળ અને પારદર્શક નથી. જેથી તમામ લોકો લાભ લઇ શકતા નથી. જે સરળ બનાવવા પર ભાર આપવો જોઈએ. આ માટે સરકારી કચેરીઓમાં ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રક્રિયા ઝડપથી અને સરળતાથી પૂરી કરી શકાય તેવો ફેરફાર લાવવો જોઈએ.
- વ્યંઢળો હજુ આજે પણ સામાજિક વ્યવસ્થામાં સર્વસ્વીકૃત મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે. કાયદાકીય સંરક્ષણ મળવાથી તેઓને ચોક્કસપણે લાભ થયો છે પરતું સામજિક સ્વીકૃતિ માટે લાંબી મંજિલ  કાપવાની હોઈ એ યથાર્થ છે. જેથી વ્યક્તિગત ગોપનીયતાના સંરક્ષણ માટે જાણકારીના સંગ્રહ અને ઉપયોગના નિયમો પર અસરકારક કાયદા બનાવવાની જરૂર છે, જેથી વ્યક્તિઓની ઓળખ અને જાતિને લઈને તેઓના સ્વાતંત્ર્ય નું યોગ્ય રીતે સન્માન થઈ શકે.
- વ્યંઢળોની મદદ માટે અને અવરોધ દૂર કરવા માટે તેમજ નીતિ અને વ્યવસ્થાઓની સમજૂતિ માટે તાલીમ અને માહિતી આપતાં સહાયતા કેન્દ્રોની સ્થાપના કરવી જોઈએ. આ ઉપરાંત, અખબાર, ટી.વી ચેનલ, ઇન્ટરનેટનાં વિવિધ પ્લેટફોર્મ જેવા જાહેર માધ્યમ થકી પણ જાગૃતતા લાવી શકાય તેમ છે.
- સમય પર ઓળખપત્ર અને સહાય પૂરી પાડી શકાય તે માટે, એક પ્રણાલી બાંધવી જોઈએ, જેમાં પ્રક્રિયાના તમામ તબક્કાઓની મોનિટરિંગ થાય અને સમયસર પુષ્ટિ થાય.

આ ઉકેલો દ્વારા, વ્યંઢળો તેમની ઓળખના આધારે પુરેપુરી રીતે લાભ મેળવી શકે અને મુશ્કેલીઓનો સામનો કરવાનું ટાળી શકે છે.

## 8. ઉપસંહાર:

ઉપલબ્ધ માહિતીના વિશ્લેષણ પરથી એવું જણાય છે કે સુરત શહેરમાં વ્યંઢળો માટે સરકારે ઓળખપત્રો દ્વારા જે સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે, તે તેઓના જીવનસ્તર ઉન્નત કરવા અને

સામાજિક સ્વીકાર્યતા વધારવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે. આ ઓળખપત્રો વ્યંઢળોને વિવિધ આરોગ્ય સેવાઓ, શૈક્ષણિક સહાય અને રોજગારના અવસરો પ્રાપ્ત કરવામાં સહાય કરે છે. તેમ છતાં હજુ પણ  કેટલાક વ્યંઢળોને ઓળખપત્ર મેળવવામાં મુશ્કેલીઓનો અને કેટલીક સહાય યોજના વિશે અપૂર્ણ જ્ઞાન છે જેવા કેટલાંક પડકારો હજુ જોવા મળે છે. આથી, સરકાર દ્વારા વધુ કાર્યક્રમો અને આયોજન દ્વારા વ્યંઢળોની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવા વધુ પ્રયાસો કરવામાં જરૂરી છે. સાથે જ સત્તાવાર પ્રક્રિયાઓ સરળ અને સુલભ બનાવવાની જરૂર છે, તેમજ સેવાઓ વિશે વધુ જાગૃતિ ફેલાવવાની જરૂર છે. જેથી આ સમુદાય વધુ સહજતાથી મુખ્ય પ્રવાહમાં સામેલ થઈ શકે.

## 9. સંશોધનની મર્યાદાઓ

- આ સંશોધનમાં સુરત શહેરના માત્ર 100 વ્યંઢળોના પ્રાથમિક માહિતી એકત્રિત કરવામાં આવી છે. આ નમૂના કદ પુરા રાજ્ય અથવા દેશની વિશાળતા દર્શાવતો ન હોવાથી, પરિણામો સમગ્ર ભારતના વ્યંઢળો માટે લાગુ પડતા નથી.
- સંશોધન એ ફક્ત સુરત શહેરની વિસ્તારમાં ધ્યાન કેન્દ્રિત કરે છે. બીજા શહેરો અથવા ગ્રામ્ય વિસ્તારોમાં જુદા પડતા પડકારો હોઈ શકે છે, જે પ્રસ્તાવિત પરિણામોને પ્રાદેશિક રીતે મર્યાદિત કરી શકે છે.
- આ સંશોધન માટે "સ્વીકાર્ય નમૂનાકરણ પદ્ધતિ" અપનાવવાનું થયું છે, જેના દ્વારા માત્ર ઊંચી જાગૃતિ ધરાવતા અને સહયોગ કરનારા વ્યંઢળોની પસંદગી કરવામાં આવી છે. આ રીતે મેળવેલી માહિતી એ માન્યતા અને સ્વીકાર્યતા ધરાવતી હોય છે, પરંતુ તે દરેક વ્યંઢળના અનુભવને પ્રતિબિંબિત કરતું નથી.

## સંદર્ભ સૂચિ

- The Transgender Persons, (2019) Protection of Right Act.
- Transgender. dosje.gov.in

  National portal for Transgender Persons. Department of Social Justice and Empowerment. Government of India. New Delhi.